# પ્રાંતિજમાં રોડના ખોદકામને લઈને પ્રજા ત્રાહિમામ

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં ત્રણ રસ્તાથી રેલ્વે સ્ટેશન સુધી ચાલી રહેલ રોડ કામને લઈને સ્થાનિક તથા રોજીદું અવર-જવર કરનાર સહિત આ વિસ્તારમાં આવેલ દુકાન માલિકોની હાલત ધંધા વગર કફોડી બની છે અને દુકાનો આગળ છેલ્લા કેટલાંય દિવસથી આયોજન વગર ખોદકામ કરી દેતા વેપારીઓની હાલ તો માથે હાથ મુકીને બેસી રહેવાનો વાળો આવ્યો છે અને ધંધા વગર બેસી રહેવાનો વારો આવ્યો છે તો બીજી બાજુ આ વિસ્તારમાં રહિશોની પ્રાથમિક સુવિધાઓ પણ છીનવાતા રહીશોનો પારો ગરમીમાં તેજ જોવા મળી રહ્યો છે.

પ્રાંતિજ એપ્રોચરોડથી રેલ્વે સ્ટેશન સુધી નવીન માર્ગના કામને લઈને છેલ્લા કેટલાંક દિવસોથી રોડ કોન્ટ્રાકટર મનમાની અને આડેધડ રોડની બન્ને સાઈડોમાં ખોદકામ કરી દેતા અહીં આવેલી સોસાયટીના રહીશો તથા સોસાયટી આગળ આવેલ દુકાનદારોની સ્થિતિ દયનીય બની છે અને છેલ્લા કેટલાંય દિવસથી ખોદકામને લઈને પાણી , સ્ટ્રીટ લાઈટ અને ટેલિફોન સેવા સહિતની પ્રાથમિક સુવિધાઓ છીનવાઈ છે. જયારે એક બાજુ ગરમીનો પારો આસમાને જાય છે અને પાણીની મોટી સમસ્યા છે ત્યારે કોન્ટ્રાકટર દ્વારા જે.સી.બી વડે આડેધડ ખોદકામ કરી પાણીની પાઈપો તોડી નાખવામાં આવે છે અને કોન્ટ્રાકટર દ્વારા રીપેરીંગ કરવામાં આવતું નથી અને દોષનો ટોપલો નગરપાલિકા ઉપર નાખી દે છે . ત્યારે પાલિકા દ્વારા રાત્ર -દિવસ મહેનત કરી લાઈનો જોઈન્ટ કરે છે ત્યારે વળી પાછું આડેધડ ખોદકામ કરી હજારો લીટર પાણી વેસ્ટ થાય છે અને આ વિસ્તારના રહિશોને પાણી મળતું નથી ત્યારે બીજી બાજુ સ્ટ્રીટ લાઈટના વાયરો પણ કપાતાં રાત્રીના સમયે અંધકારમય બની જાય છે.

રાત્રીના ઘરની બહાર નિકળવું પણ મુશ્કેલ બની જાય છે અને બીજી બાજુ તસ્કરોનો ભય સતાવે છે તો બીજી બાજુ ખોદકામ બાદ સાવચેતીના ભાગરૂપે કોઈ સેફ્ટી પટ્ટી કે દોરી મારવામાં આવતી નથી જેથી રાત્રીના સમયે વાહન સહિત પશુઓ ખાડામાં પડે તો નવાઈ નહીં તો બીજી બાજુ ટેલિફોન વાયરો કપાઈ જતાં ટેલિફોન સહિત ઈન્ટરનેટ સેવાઓ ઠપ થઈ ગઈ છે ત્યારે આડેધડ ખોદકામથી એક પછી એક પ્રાથમિક સુવિધાઓ છીનવાઈ છે અને રોડની સાઈડમાં આવેલ ત્રણ વૃક્ષો વગર મજુરીએ સોંથ વાળી નાખ્યું છે ત્યારે એક બાજુ વૃક્ષો વાવો અને બીજી બાજુ આવાં કોન્ટ્રાક્ટરો દ્વારા પોતાના સ્વાર્થ માટે વુક્ષોનો સોંથ કરી દેતા પર્યાવરણ પ્રેમીઓના જીવ દુભાયા છે. અને હાલ યંત્ર યુગમાં પણ આ વિસ્તારના રહિશો પ્રાથમિક સુવિધાથી વંચિત બન્યા છે ત્યારે આડેધડ આયોજન વગર ખોદકામ થતાં સોસાયટી રહશો અને દુકાન માલિક કમલેશભાઈ તથા લાલુભાઈ વગેરેમાં આ અંગે રોષ જોવા મલ્યો છે.

**કોન્ટ્રાકટર દ્વારા છેલ્લા કેટલાંય દિવસથી આડેધડ ખોદકામ કરી દેતા પ્રાથમિક સુવિધાઓ છીનવાઈ : ત્રણ જેટલાં વુક્ષોનો સોંથ વાળી દેતા પર્યાવરણપ્રેમીઓના જીવ દુભાયા : દુકાનો આગળ છેલ્લા કેટલાય દિવસથી મોટા મોટા ખાડા કરી દેતા વેપારીઓ ધંધા વિહોણા બન્યા**









## મોડાસામાં નીટ અંગે વાલીઓએ ભેગા મળી સૂત્રોચ્ચાર કર્યા

સુપ્રીમ કોર્ટ નીટની પરીક્ષા મેડીકલમાં પ્રવેશ માટે સ્પષ્ટપણે જણાવી દીધું છે કે નીટની પરીક્ષા પાસ કરનાર જ મેડીકલક્ષેત્રે પ્રવેશ મેળવી શકશે, આ નિર્ણયથી ગુજરાતના હજારો વિદ્યાર્થીઓનું ભાવિ અધ્ધરતાલ બની ગયું છે, ત્યારે આ નિર્ણયનો વિરોધ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે વાલીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. સૂત્રોચ્ચાર અને નારાબાજી કરી જિલ્લાના વિદ્યાર્થીઓનું ભાવિ જોખમમાં મુકાયું છે ત્યારે આ મુદ્દે અંત સુધી લડી લેવાનો નિર્ધાર વ્યક્ત કરી વાલીઓએ આ મામલે સરકાર અને સુપ્રિમ કોર્ટ ફેર વિચારણા કરે તેવી માંગ કરી હતી.

# બાયડ નગરપાલિકાના વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાને લઈ ગ્રામજનો દ્વારા તપાસની માંગો ઉઠી

બાયડ, તા. ૧૦

બાયડ પાલીકાના તમામ વિસ્તારોમાં રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભ ગટર યોજનાઓ માટે પાલીકામાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવી હતી.

બાયડ પાલીકામાં છેલ્લા કેટલાક સમયથી ભૂગર્ભ ગટર યોજનાને લઈ અનેક ફરીયાદો કરવામાં આવી હતી. તેમ છતાં ભૂગર્ભ ગટર યોજનાનો જેને કોન્ટ્રાક્ટ હતો તે અંકિતા કન્ટ્રકશનને કોઈપણ જાતની નોટીસ ખાતાકીય વિભાગો દ્વારા આપવામાં આવી ન હતી. પૂર્વ સત્તાધીશો દ્વારા આ મામલે તપાસ કરવાના નામે મીંડુ ? હાલના સત્તાધીશો દ્વારા ભૂગર્ભ ગટર યોજના અંગે લેખીત રજૂઆત વિભાગીય કચેરીએ કરી છે. તેમ છતાં વિભાગીય કચેરી દ્વારા કોઈપણ જાતના પગલા લેવામાં આવ્યા નથી. અંકિતા કન્ટ્રકશન દ્વારા હલકી ગુણવત્તાનું મટીરીયલ્સ વાપરવામાં આવ્યું હતું. જે મામલે કલેક્ટર કચેરીએ કેટલાંક જાગૃત નાગરીકો દ્વારા અગાઉ આક્ષેપો કર્યા હતા.

# વાઘપુરની સીમમાં જીપડાલા નીચે સુઈ રહેલા બે વર્ષના માસુમ બાળકનું મોત

પ્રાંતિજ,તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાઘપુર ગામની સીમમાં આવેલ ખેતરમાં શાકભાજી લેવા ગયેલા પીકઅપ ડાલા નીચે સુઈ ગયેલ બે માસના બાળકનું ડ્રાઈવરની બેકાળજીના લીધે મોત થવા પામ્યું છે.

પ્રાંતિજના વાઘપુર ગામની સીમમાં આવેલ ખેતરમાં ખેતરના માલિકનો પુત્ર કલ્પેશભાઈ નરસિંહભાઈ પટેલ કે જેવો પોતાનું પીકઅપ ડાલુ નંબર જીજે-૧૮-એએચ-૨૫૯૨ લઈને પોતાના ખેતરમાંશાકભાજી લેવા ગયા હતા અને તે સમયે શાકભાજી વિણવાનું કામ ચાલુ હતુ અને તે સમય દરમ્યાન ખેતરમાં કામ કરતા મજૂરનો પૌત્ર નિલેશ ઉં.વ. બે કે જે રમતા રમતા છાંયડો જોઈને ગાડી નીચે સુઈ ગયો હતો અને જ્યારે ગાડી નીચે જોયા વગર એકદમ ગાડી ચાલુ કરી હંકારીને આગળ જવા દેતા ગાડીના છાંયડામાં સુઈ ગયેલા ફરીયાદીના પૌત્ર નિલેશ ઉપર ગાડીનું ટાયર માથા ઉપર ફરી વળતા તેના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેનું સ્થળ ઉપર મોત નીપજ્યું હતું. જ્યારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને ફરીયાદી પુનાભાઈ ડીગાભાઈ બામણિયા ઉં.વ. ૫૦ રહે. મુળ જોમુડી, તા. ફતેપુરા, જી. દાહોદ દ્વારા પોલીસને જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.





## મેઘરજના કંભરોડા ગામના વીજપડા ફળીમાં પાણીના પોકાર

મેઘરજ તાલુકાના ઈપલોડા પંચાયતના કંભરોડા ગામે વીજપડા ફળીમાં વર્ષોથી ૧૦૦ જેટલા વ્યક્તિઓ વસવાટ કરી રહ્યા છે. હાલ ઉનાળાના સમયમાં અસહ્ય ગરમીમાં આ લોકોને પીવાના પાણીની અપાર સમસ્યા ઉભી થઈ છે. ૨૦ જેટલા કુટુંબો વચ્ચે અહીં બે હેન્ડપંપ આવેલા છે, પરંતુ ભરઉનાળે પાણીનું તળ નીચું જતું રહ્યું હોવાને કારણે એક હેન્ડપંપ મૃત હાલતમાં છે, જ્યારે બીજા હેન્ડપંપમાંથી આખા દિવસ દરમિયાન માત્ર બે જ માટલા પાણી આવે છે. ત્યારે અહીં વસવાટ કરનાર આ લોકોને પીવાનું પાણી ભરવા માટે એક કિલોમીટર દૂર જવું પડે છે. અને તેમના ૧૫૦ જેટલા ઘેટા-બકરાને પાણી પીવડાવા માટે પાંચ કિલોમીટર દૂર જવું પડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે અહીં ૨૦ જેટલા પરિવારો વસવાટ કરે છે પરંતુ તેમાં ફક્ત ચાર જ કાચા મકાનો આવેલા છે. બાકીના પરિવારો તંબી તાણી રહે છે અને તેમને ચોમાસામાં અપાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ કુટુંબોને આજદિન સુધી સરકારની મકાન માટેની કોઈ પણ પ્રકારની સહાય મળેલ નથી. ઈપલોડા સરપંચને આ અંગે પુછતા તેમણે જણાવેલ કે પાણીના તળ ઉંડા જવાને કારણે પાણીનીસમસ્યા ઉભી થઈ છે અને જો પાણી પુરવઠા દ્વારા બોર મોટર કરવામાં આવે તો આ સમસ્યાનો ઉકેલ આવે તેમ છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ લોકોને નામે જમીન કે પ્લોટ ના હોવાને કારણે તેમણે મકાનની સહાય મળી નથી. જોસરકાર દ્વારા આ લોકોને પ્લોટની ફાળવણી થાય તો મકાનની સહાય મળી શકે તેમ છે.

# બાયડ તાલુકાના અલાણા અને પાટો ગામની સીમમાં અજાણી સ્ત્રીનો મૃતદેહ મળ્યો

બાયડ, તા. ૧૦

બાયડ તાલુકાના અલાણા અને પાટો ગામની સીમમાં કોઈ અજાણી સ્ત્રીનો મૃતદેહ મળતા આજુબાજુના ગ્રામજનો ત્યાં ઉમટી પડ્યા હતા.

આ અંગે આંબલીયારા પોલીસના સૂત્રો પાસેથી માહિતી મળ્યા મુજબ તા. ૯-૫-૨૦૧૬ને ૧૯.૩૦ કલાકના સાંજના સુમારે કોઈ અજાણી સ્ત્રીની કોઈ અજાણ્યા વ્યક્તિઓ દ્વારા સ્ત્રીને મોતને ઘાટ ઉતારી કોઈ અજાણ્યા શખ્સોએ પુરાવાનો નાશ કરી ઘટનાસ્થળથી ભાગી ચુક્યા હતા. આ મામલે આંબલીયારા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# ભિલોડા તાલુકા ભાજપની પ્રથમ કારોબારીની બેઠક યોજાઈ

ભિલોડા,તા.૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના પટ્ટાંગણમાં ભિલોડા તાલુકા ભાજપની પ્રથમ કારોબારીની બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ભાજપ સંઘઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી, ઉપપ્રમુખ નીલાબેન હસમુખભાઈ મડીયા, ગજાનંદભાઈ પ્રજાપતી, ગુલાબચંદભાઈ પટેલ, ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયા, ભિલોડા તાલુકા ભાજપ સંઘઠન પ્રમુખ રમેશભાઈ રાવલ, મંત્રી ભીખાભાઈ પટેલ, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, ઉપપ્રમુખ મુકેશકુમાર મહેતા, પ્રેમજીભાઈ નિનામા, જીતુભાઈ ભાટીયા, ગીરીશભાઈ પટેલ, મયંકકુમાર ચૌધરી, ચેતનસિંહ કચ્છાવા સહિત ભિલોડા તાલુકા ભાજપ સંઘઠનના હોદેદારો, અગ્રણીઓ, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડામાં શ્રી ડુંગરી ગરાસીયા આદિવાસી સમાજનો નવમો સમુહલગ્નોત્સવ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વજાપુર-ટાકાટુકા ગામમાં શ્રી ડુંગરી ગરાસીયા વિકાસ ટ્રસ્ટ આયોજીત નવમો સમુહલગ્નોત્સવ કાર્યક્રમ યોજાયો. ડુંગરી ગરાસીયા આદિવાસી સમાજનો નવમો સમુહ લગ્નોત્સવમાં ૨૦ નવદંપતીઓએ પ્રભુતામાં કુંમ-કુંમ પગલા પાડ્યા હતા. શ્રી ડુંગરી ગરાસીયા વિકાસ ટ્રસ્ટ, સમુહલગ્નોત્સવ સંકલન સમિતી, નવદંપતીઓના માતા-પિતા, આદિવાસી સમાજના અગ્રણીઓ, આદિવાસી સમાજના જનરલ પંચ પ્રમુખ ધુળજીભાઈ ગામેતી, ગુજરાત પ્રદેશ પંચાયત પરીષદ પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, નીલાબેન મડીયા, હસમુખભાઈ મડીયા, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ કુંદનબેન ડામોર, ઉપપ્રમુખ ટી. કે. પાંડોર, ડી.બી.ડામોર, બી.એમ. ખાણમા, બાબુલાલ ખરાડી, બિપીનભાઈ ગામેતી, બચુભાઈ બરંડા સહિત આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ૨૦ નવદંતીઓને આશીર્વાદ આપ્યા હતા. સમાજનો નવમો સમુહલગ્નોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ માધુભાઈ બરંડા, મંત્રી બી. એમ. ખાણમા, એન. ડી. જોષીયારા તેમજ કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. આદિવાસી સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે જ્ઞાતિએ અમારૂ ઘર છે. દરેક જ્ઞાતિજનો અમારા કુંટુબીજનો છે. આદિવાસી સમાજનો સમુહ લગ્નોત્સવ એટલે સમય, શક્તિ અને સંપત્તીનો બચાવ, તણાવમુક્ત અવસર, આદિવાસી સમાજનો અમુલ્ય અવસર, સમુહ કન્યાદાન કરવાનો અનેરો અવસર એટલે જ સમુહ લગ્નોત્સવ છે.



## મોડાસાની મધુવન સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા

અરવલ્લી જિલ્લાના મોડાસામાં જાણે ગુનાઓ રોકાવાનું નામ જ નથી લેતા એવામાં મોડાસામાં આવેલ ધનસુરા-શામળાજી રોડ ઉપર આવેલ ડ્રીમલેન્ડ હોટેલની સામે મધુવન સોસાયટીમાં કોઈ તસ્કરો દ્વારા એક મકાનમાંથી બજારોની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મોડાસાના માલપુર રોડ બાયપાસ ચોકડી પાસે આવેલ ડ્રીમલેન્ડ હોટેલની સામે મધુવન રેસીડેન્સીમાં ગત રાત્રે કોઈ હરામખોર તસ્કરોએ જાણે પોલીસના મોઢા ઉપર તમાચો માર્યો હોય તેમ આ ખલીકપુર પોલીસ ચોકીથી આશરે ચારસો મીટર દૂર આવેલ સોસાયટીના એક મકાનને નિશાન બનાવ્યું હતું. જેમાં સોનાના દાગીના ચાંદીના દાગીના તથા રોકડ રકમ અંદાજે હજારોની મત્તાની ચોરી કરી ભાગી છુટ્યા હતા. તો ઘરના મકાન માલિક એક સામાજિક પ્રસંગને કારણે પોતાના વતન ગયા હતા ત્યાર બાદ આ દશ્ય જોઈ જાણે તેમના ઉપર આભ તુટી પડ્યું હોય તેમ થઈ ગયા હતા.

# તલોદ પોલીસ સ્ટેશનને ફૌજીએ આપી 'ડમી' મશીનગનની ભેટ

તલોદ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે નિર્માણ પામેલ પોલીસ સ્ટેશનના મકાનનું ઉદ્ઘાટન થયું ત્યારે તે પ્રસંગે તલોદના એક્સ-આર્મીમેને ખુબ શોખથી મિડીયમ મશીનગન (એમએમજી) અને 'લાઈટ મશીન ગન' (એલએમજી)ના બે ડમી મોડલ બનાવીને પોલીસને ભેટ ધર્યા હતા. જે બંને મશીનગનના ડમી મોડલ તલોદ પોલીસ સ્ટેશનના પ્રવેશદ્વારે આજે તંત્રની શોભા વધારી રહ્યા છે. જે તે વખતે ઉદ્ઘાટન પ્રસંગે રાજ્યના માર્ગ-મકાન મંત્રી, જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા તથા અન્ય પદાધિકારીઓ તથા અધિકારીઓ અને પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

પોતાના અવનવા શોખને પોષવા માનવી તન-મન-ધનથી ક્યારેક જહેમત ઉઠાવીને સંતોષ માનતો હોય છે. તે હકિકતનું આ ઘટના એક ઉદાહરણ છે. તલોદ કોલેજ રોડ ઉપર ખાણી-પીણીનો વ્યવસાય કરતા અને વસવાટ કરતા પૂર્વ આર્મીમેન રમેશકુમાર સેવારામ ચેલાણીની જહેમતપૂવક સલામતીના સાધનો અને દુશ્મનોને હંફાવતા એવા મિડીયમ મશીનગન અને લાઈટ મશીનગનના બે મોડલ બનાવ્યા હતા. 'ફોજી'ના નામથી જાણીતા આ આર્મીમેને મશીનગનના બનાવેલા આ બંને મોડલ તલોદ પોલીસ સ્ટેશનની ઈમારતના ઉદ્ઘાટન પ્રસંગે પોલીસને ભેટ આપવાનો નિર્ધાર ૨૬ જાન્યુઆરીએ જાહેર કર્યો હતો. જેને તંત્ર દ્વારા વધાવી લેવામાં આવ્યો હતો. જે અન્વયે તે જ દિવસે રમેશ ચેલાણીએ મશીનગનના બનાવેલા બંને ડમી મોડલની ભેટ પોલીસને આપી હતી. તલોદ પોલીસે મશીનગગનના આ બંને મોડલ પોલીસ સ્ટેશનના પ્રવેશદ્વારે જ મુકેલ છે. આજે શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા છે.